બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, અમદાવાદ

નં. એલ.એ.ક્યુ.કેસ નં ૦૭/૨૦૧૮

જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩

Anup Pal
Kindly take the necessary Action
19/X

વિષય: **જમીન સંપાદન – અમદાવાદ**

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે જમીન સંપાદન - અમદાવાદ મોજે:- થલતેજ (થલતેજ મેટ્રો સ્ટેશન) તા. ઘાટલોડીયા, જી.અમદાવાદ

સંપાદક સંસ્થા: ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લી.) (ભારત સરકારશ્રી, અને સહભાગી રાજ્ય સરકારશ્રીનું સંયુક્ત સાહસ)

એવોર્ડ

[કલમ- ૨૩ અને ૨૭ નીચે]

પ્રસ્તાવના :-

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે અમદાવાદ જિલ્લામાં આવતી પથરેખામાં આવતાં શહેરી વિસ્તારોની જમીન સંપાદન કરવા માટે સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લિ.) ની તા.૩૧/૦૧/૨૦૧૮ ની જમીન સંપાદનની દરખાસ્ત જિલ્લા કલેક્ટરશ્રી અમદાવાદના પત્ર નં.એચ.બી/એલ.એક્યુ/જ.સં./મેટ્રો/ઈ.નં.૫૬૪૦ વશી૧૪૭-૧૪૮/૨૦૧૮ તા.૦૨/૦૨/૨૦૧૮થી આ કચેરીને મળેલ. સદરહું હેતુના જમીન સંપાદન માટે **જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩** (જેનો આમાં હવે પછી "જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩" એ મુજબ ઉલ્લેખ કરેલ છે તે) ની કલમ-૧૦એ નીચે સામાજિક અસર સમીક્ષા મુક્તિની દરખાસ્ત સહિત જમીન સંપાદનની દરખાસ્ત સંપાદક સંસ્થાએ અત્રેને રજુ કરતાં અત્રેની કચેરી ધ્વારા તેની ચકાસણી કરીને યોગ્ય જણાતાં સદરહું જમીન સંપાદનના કામે જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ અને તેમાં થયેલ ગુજરાત જમીન સંપાદન સુધારા અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૧૨) ની જોગવાઇઓ અનુસાર જમીન સંપાદનની કાર્યવાહી નીચે મુજબ કરવામાં આવી.

(૧) અધિનિયમ નીચેના જાહેરનામાં તથા તેની પ્રસિધ્ધિ :-

(૧)	નવો જમીન સંપાદન કાયદો -૨૦૧૩ ની કલમ-૧૦-એ ના પ્રકરણ ૨ અને ૩ મુજબના જાહેરનામનો નંબર /તારીખ	સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક અમ-૨૦૧૮-૧૬૯-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ઘ તા.૦૧/૦૩/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામા ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૧૯૪-૧ થી ૧૯૪-૩ ઉપર તા.૦૧/૦૩/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર" માં તા.૧૬/૦૩/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ડી.એન.એ" માં તા.૧૬/૦૩/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે.
(૨)	કલમ-૧૦એના જાહેરનામાની સ્થળ પ્રસિધ્ધની વિગત	કલમ-૧૦એ ના જાહેરનામાની પ્રસિધ્ધિ તા.૦૩/૦૪/૨૦૧૮ થી તા.૨૩/૦૫/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે.
(૩)	નવો જમીન સંપાદન કાયદોની કલમ-૧૧(૧) મુજબના પ્રાથમિક જાહેરનામાના નં. તથા તારીખ	સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૬૦૦-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ઘ તા.૦૪/૦૮/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ. જે જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૬૭૮-૧ થી ૬૭૮-૩ ઉપર તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા.૧૭/૦૮ /૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ડી.એન.એ." માં તા.૧૫/૦૮/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે.
(૪)	નવો જમીન સંપાદન કાયદો ૨૦૧૩ ની કલમ-૪૩ (૧) ના જાહેરનામાના નંબર/તારીખ	સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૬૦૦-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ઘ તા.૦૪/૦૮/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ. જે જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૬૭૮-૧ થી ૬૭૮-૩ ઉપર તા.૦૪/૦૮/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા.૧૭/૦૮ /૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ડી.એન.એ." માં તા.૧૫/૦૮/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે.

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, જી. અમદાવાદ

(૫)	કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ના જાહેરનામાઓની સ્થળ પ્રસિધ્ધની તારીખ	કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ની નોટીસ પ્રસિધ્ધ તા.૧૩/૦૮/૨૦૧૮ થી તા.૨૮/૦૯/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે.
(૬)	નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાનો નંબર તથા તારીખ	સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૧૮-૭૪૭-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ધ તા.૩૦/૧૦/ ૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. થી ઉપર તા.૩૦/૧૦/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા.૦૭/૧૧/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર " ધી ઈન્ડીયન એક્સપ્રેસ" માં તા.૦૭/૧૧/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે.
(૭)	કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધની તારીખ	કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૧૩/૧૧/૨૦૧૮ થી તા.૧૬/૧૧/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે.
(૮)	નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના નંબર તથા તારીખ	સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૧૯-૭૧૯-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ધ તા. ૦૪/૧૨/ ૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. ૧૨૭૪-૧ થી ૧૨૭૪-૨ ઉપર તા.૦૪/૧૨/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા. ૧૮/૧૨/૨૦૧૯ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ઈકોનોમીક ટાઈમ્સ" માં તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે.
(૯)	નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના ના સ્થળ પ્રસિધ્ધિની તારીખ	કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૧૦/૧૨/૨૦૧૯ થી તા.૨૭/૧૨/૨૦૧૯ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે.

જમીન સંપાદન ધારાની કલમ- ૧૧ (૧) નું જાહેરનામું તથા હેઠળની નોટીસની બજવણી નિયમાનુસાર કરીને સદરહું જમીન સંપાદન સામે વાંધાઓ હોય તો તે નિયત ૬૦ દિવસની સમયમર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવેલ. તેના અનુસંધાને સદરહું જાહેરનામા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. જેથી કાયદાની કલમ ૧૫(૨) નીચે માહિતિ શૂન્ય હોય તે અંગેના અહેવાલ સાથે જમીન સંપાદન અધિનિયમની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ/૦૭/૦૧૮/મેટ્રો રેલ /આખરી જાહેરનામા કલમ ૧૯(૧)/થલતેજ/વશી-૨૭૪૨/૨૦૧૮, તા.૦૮/૧૦/૨૦૧૮ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ.

તેના અનુસંધાને જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક: અમ-૨૦૧૮-૭૪૭-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ધ તા.૩૦/૧૦/ ૨૦૧૮ થી મંજુર કરી, યાદી નં.જઅમ-૧૨૧૮-૩૬૭-ધ, તા.૩૦/૧૦/૨૦૧૮ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ. જે મુજબ કલમ-૧૯(૧) નું આખરી જાહેરનામું તા.૩૦/૧૦/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલ. ત્યારબાદ સદર જાહેરનામાની મુદત તા.૨૯/૧૦/૨૦૧૯ ના રોજ પુરી થતી હોવાથી જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯(૭) હેઠળ મુદત વધારી આપવા બાબતનુ જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ કેસ નં.૦૭/૨૦૧૮/મેટ્રો રેલ જમીન સંપાદન/થલતેજ/કલમ-૧૯(૧)/વશી-૧૨૨૮/૨૦૧૯ તા.૦૯/૧૦/૨૦૧૯ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ. જે સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક: અમ-૨૦૧૯-૭૧૯-મ-જઅમ-૧૨૧૮-૩૬૭-ધ તા. ૦૪/૧૨/ ૨૦૧૯ થી મંજુર કરી યાદી નં.જઅમ-૧૨૧૮-૩૬૭-ધ, તા.૦૪/૧૨/૨૦૧૯ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ.

(૨) જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧(૧)(૨) હેઠળની જાહેર નોટીસ તથા કલમ-૨૧(૪)(૫) નીચેની વ્યક્તિગત નોટીસોની અત્રેની કચેરીએથી તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ બજવણી કરવામાં આવેલ. જે નોટીસ સરકારી ચાવડી તથા અન્ય જાહેર સ્થળોએ જોઇ શકાય તેવી જગ્યાએ ચોંટાડવામાં આવેલ અને સંબંધિત હિતધારક/કબજેદારોના હક્કદાવાની સુનાવણી અત્રેની કચેરીમાં તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ.

(3) માલીકી હક્ક :-

મોજે: થલતેજ, તા. ધાટલોડીયાની સંપાદન થતી જમીનો/મિલકતોના ગા.નં.૭/૧૨ તથા કબજા હકના સરકારી મહેસુલી રેકર્ડના દસ્તાવેજી પુરાવાઓમાં જણાવેલ કબજેદારોના નામ ખરા માનવામાં આવે છે.

(૪) સંપાદન થતી જમીન / મિલકતની સંયુક્ત માપણી:-

સંયુક્ત માપણીના ફકરા નં.૧૦૪ માં જણાવ્યા મુજબ કલમ-૧૯ હેઠળના આખરી જાહેરનામામાં સમાવિષ્ટ કર્યા મુજબની આ સાથેના પરિશિષ્ટ-એ માં જણાવેલ જમીનના કબજેદાર/હિતધારકોની સંપાદન થતી જમીનના ક્ષેત્રફળ કે તેની સંયુક્ત માપણી સામે કોઇ વાંધા ઉઠાવેલ નથી. જેથી સંયુક્ત માપણીના ક્ષેત્રફળને ચુકાદાના હેતુ માટે સાચું ગણવામાં આવે છે.

(૫) સંપાદન થતી જમીનની સ્થળ, સ્થિતનું વર્ણન :-

સંપાદન હેઠળની જમીન થલતેજ હદ માં આવેલ છે. તથા આ જમીન બિનખેતી ઉપયોગની ચાલી આવે છે. સંપાદન હેઠળની જમીનો સમતળ સપાટી ધરાવતી જમીનો છે. સંપાદન હેઠળની જમીનો બિનખેતીની છે.

(૬) વળતર દાવા અંગે હીત ધરાવનાર કબજેદારોની રજુઆત :-

વળતરના હકદાવાની સુનાવણી વખતે વળતરની માંગણીના સમર્થનમાં હિત ધરાવતી કોઇપણ વ્યક્તિ તરફથી કોઇ પુરાવા રજુ કરેલ નથી. જેથી વિગતવાર ચર્ચા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૭) દાવાના સમર્થનમાં હીત ધરાવનાર કબજેદારોની રજુઆત :-

વળતરના હકદાવાના સમર્થનમાં હિતધારક/કબજેદારો તરફથી રજુઆત થયેલ છે આ અંગે પરિશિષ્ટ-બી માં માહિતિ દર્શાવેલ છે.

(૮) વળતરના દાવા અંગે સંપાદક સંસ્થાની રજુઆત :-

સંપાદક સંસ્થાને હક-દાવાની સુનાવણી વખતે હાજર રહેવા માટે લેખિત જાણ કરેલ હોવા છતાં સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. તરફથી સુનાવણીમાં કોઇ પ્રતિનિધિ હાજર રહેલ નથી કે કોઇ લેખિત પુરાવા રજુ કરેલ નથી.

(૯) જમીનનું મુલ્યાંકન:-

જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૨૬ ૨૭, ૨૮, ૨૯, ૩૦ ને ૮૦ ની જોગવાઇઓ મુજબ સદરહું કેસમાં સંપાદિત જમીનનું વળતર નક્કી કરવાનું રહે છે. તદ્‌નુસાર જમીન સંપાદન અધિનિયમની કલમ-૨૬(૧)(સી) નીચેના પ્રોવીઝોની જોગવાઇ મુજબ જમીન સંપાદન અધિકારીશ્રીએ સંપાદન હેઠળની જમીનનું, સદરહું અધિનિયમની કલમ-૧૧(૧) નીચેનું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખની સ્થિતિએ બજાર કિંમત નક્કી કરવાની રહે છે. તદ્‌નુસાર સંપાદન હેઠળની જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે અધિનિયમની કલમ-૨૬(૧) ની જોગવાઇઓ પ્રમાણે બજારભાવ નક્કી કરવાનો થાય છે. તે હેતુ માટે ગામ થલતેજ(થલતેજ મેટ્રો સ્ટેશન), તા.ઘાટલોડીયાની જમીનોના સંપાદન માટે અધિનિયમની કલમ-૧૧(૧) નીચેના પ્રાથમિક જાહેરનામાની તા. ૦૪/૦૮/૨૦૧૮ ની અગાઉના ત્રણ વર્ષના બિનખેતીની જમીનોના વેચાણો આધારે મળેલ પ્રતિ ચો.મી. જમીનના વેચાણ ભાવોને ઉતરતા ક્રમે ગોઠવેલ છે. તેમાં બિનખેતીની જમીનો માટે ઉપલબ્ધ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં આ સાથેના પરિશિષ્ટ-સી-Shee-I મુજબ સરેરાશ વેચાણ કિંમત મળેલ છે. સંપાદન હેઠળના ટી.પી સ્કીમસ્કીમ નં.૩૮ના ફા.પ્લોટ નં.૧૦,૧૧,૧૨ અને ૫/૧ ના અનુક્રમે સર્વે નં. ૮/૨, ૮/૩, ૮/૪, ૭નો સમાવેશ સને ૨૦૧૧ ની પ્રવર્તમાન જંત્રી મુજબનો વેલ્યુઝોન ૭૩/૩૮/૩/૧ છે તેના ખુલ્લા પ્લોટનો ભાવ રૂ. ૨૧૦૦૦/- દર્શાવેલ છે. ફા.પ્લોટ નં.૯/૨ ના સર્વે નં.૨૯/એ/૧, ૨૯/બી નો સમાવેશ વેલ્યુઝોન નં.૭૩/૩૮/૩/એ માં થાય છે, અને તેના ખુલ્લા પ્લોટનો જંત્રી ભાવ રૂ.૨૧૦૦૦ પ્રતિ ચોમી દર્શાવેલ છે. જ્યારે ફા.પ્લોટ નં.૫/૧ ના સર્વે નં. ૪નો સમાવેશ વેલ્યુઝોન નં. ૭૩/૩૮/૩બી માં થાય છે તેનો ખુલ્લા પ્લોટનો જંત્રી ભાવ રૂ. ૨૧૦૦૦ પ્રતિ ચો.મી દર્શાવેલ છે. ફા.પ્લોટ નં. ૫/૧ના સર્વે નં. ૬ પૈકી નો સમાવેશ વેલ્યુઝોન નં. ૭૩/૩૮/૩ માં થાય છે અને તેનો ખુલ્લા પ્લોટ નો ભાવ રૂ. ૩૧૦૦૦ પ્રતિ ચો.મી. દર્શાવેલ છે. આ ગામમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ખુલ્લા પ્લોટની જમીનોના ટી.પી. ૩૮ના વેલ્યુઝોન નં. ૭૩/૩૮/૩/૧, ૭૩/૩૮/૩/બી અને ૭૩/૩૮/૩ માં કોઈ વેચાણ થયેલ ન હોઈ, આ વેલ્યુઝોનના તદ્દન નજીકના વેલ્યુઝોન નં.૩૭/૩૮/૩/એ માં ઉપલબ્ધ બિનખેતીના ખુલ્લા પ્લોટના વેચાણોના સ્થળ, સંપાદન હેઠળની જમીનના સ્થળેથી ૨૦૪ મીટરના એરીયલ અંતરમાં સમાવિષ્ટ થાય છે. જેથી વેલ્યુઝોન નં. ૭૩/૩૮/૩/એ માં થયેલ ખુલ્લા પ્લોટના વેચાણો ધ્યાને લેવાના થાય, વેલ્યુઝોન નં. ૭૩/૩૮/૩/એ માં ૨ ખુલ્લા પ્લોટનું વેચાણ થયેલ છે. આ પ્લોટના વેચાણ પૈકી ૫૦% ઉંચા પ્લોટની સરેરાશ ધ્યાને લેતાં તેની સરેરાશ રૂ. ૨૪૨૭૦ પ્રતિ ચો.મી. થાય છે અને સર્વે નં. ૬નો જંત્રી ભાવ રૂ.૩૧૦૦૦ છે જે વેલ્યુઝોન નં. ૭૩/૩૮/૩/એ ના ખુલ્લા પ્લોટના વેચાણની સરેરાશ કરતાં વધારે હોઈ સર્વે નં. ૬ માટે જંત્રી ભાવ બજારકિંમત નક્કી કરવાની થાય છે. તેના અનુસંધાને સંપાદન હેઠળની જમીનના નક્કી કરેલ બજાર ભાવ પરિશિષ્ટ-સી Sheet-II મુજબ મળેલ છે. આ કામે પરિશિષ્ટ-એ મુજબ સંપાદિત થતી દરેક સ.નં.ની બિનખેતીની જમીન માટેના, કલમ-૧૧(૧) ના પ્રાથમિક જાહેરનામાની તારીખે પ્રવર્તમાન જંત્રી ભાવોને ઉક્ત સંપાદિત થતી જમીનનો બજાર ભાવ નક્કી કરવાના કામે ધ્યાને લીધેલ છે અને આ સરેરાશ વેચાણ કિંમત અને જે તે સ.નં.ની જમીનના પ્રવર્તમાન જંત્રી ભાવ પૈકી જે રકમ ઊંચી હોય તેને સદરહું સંપાદન હેઠળની જમીનના સ્વીકૃત બજાર ભાવ તરીકે પરિશિષ્ટ-સી ના Sheet-II માં જણાવવામાં આવેલ છે. તે Sheet-II માં જણાવેલ સ્વીકૃત બજારભાવને સંબંધિત સ.નં.ની સંપાદિત જમીન માટે ચૂકવવાનું વળતર નક્કી કરવા માટેના બજાર ભાવ તરીકે ગણવામાં આવે છે અને તે મુજબ ગણતરી કરીને નક્કી કરેલ સંપાદિત જમીનના ચુકવવાપાત્ર વળતરની વિગત પરિશિષ્ટ-ઇ માં દર્શાવવામાં આવે છે.

ખાસ જમીન સંપાદન અધિકારી • જી. અમદાવાદ • સત્યમેવ જયતે

(૧૦) અન્ય હક્કદાવા:-

જમીન/મિલકતના કબજેદારો તથા સંપાદક સંસ્થા ધ્વારા કોઇ અન્ય હક્કદાવા રજુ થયેલ નથી. પરંતુ જે તે સંપાદિત જમીનોમાં સ્થિત સ્ટ્રકચર્સનું વળતર જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ની પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા મુજબ પરિશિષ્ટ-ડી માં અલગથી આકારવામાં આવેલ છે.

(૧૧) મલ્ટી પ્લાઈંગ ફેક્ટર:-

આ કેસમાં સંપાદન હેઠળની જમીનો શહેરી વિસ્તારની હોવાથી જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૨૬ ની પેટા કલમ (૨) અને પ્રથમ અનુસૂચિની જોગવાઇ મુજબ, ઉપરોકત પેરા-(૯) ની વિગતે આકારેલ વળતર માટેની બજાર કિંમતને ૧ (એક) ગુણાંકથી ગુણીને મળેલ એકંદર બજાર ભાવ આધારે સંપાદન હેઠળની જમીનની વળતરની કુલ કિંમત પરિશિષ્ટ-ઇ મુજબ નક્કી કરવામાં આવેલ છે.

(૧૨) સોલેશ્યમ :-

જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ની કલમ-૨૬ હેઠળ સંપાદિત જમીનના વળતર માટે પેરા (૯) અને (૧૧) ની વિગતે નક્કી થયેલ બજાર કિંમત ઉપર ૧૦૦% સોલેશ્યમ (વળતર રાહત) ની રકમ આકારવામાં આવેલ છે.

(૧૩) ૧૨ ટકા પ્રમાણે ભાવવધારો:-

સદરહુ કેસમાં સંપાદન હેઠળની જમીન માટે નક્કી કરેલ બજાર કિંમત ઉપર કાયદાની કલમ-૧૦એ નીચેના જાહેરનામાથી મળેલ SIA મુક્તિના અનુસંધાને કલમ-૩૦(૩) મુજબ સંપાદિત જમીન માટે અધિનિયમની કલમ-૧૧(૧) ના જાહેરનામાની તારીખથી એવોર્ડની તારીખ સુધી પુરા થતાં વર્ષ અને માસ માટેની મુદત સુધી આ કેસમાં ૧૨% ભાવ વધારો આકારવામાં આવેલ છે.

(૧૪) વ્યાજની ચુકવણી:-

સદરહું કેસમાં સંપાદન હેઠળની જમીનનો આગોતરો કબજો લેવામાં આવેલ નથી. જેથી કલમ-૮૦ નીચે કાંઇ પણ વ્યાજની ચૂકવણી કરવાની થતી નથી.

(૧૫) આગોતર વળતર :-

સદરહુ કેસમાં આગોતર વળતરની ચૂકવણી કરવામાં આવેલ નથી.

(૧૬) જમીન સંપાદનના કેસોમાં સરકારશ્રી દ્વારા મહેકમ ખર્ચ વસુલ કરવા બાબત:

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એલએક્યુ/૨૦૧૯/૨૦૦૬-ઘ, તા.૨૬/૧૨/૨૦૧૯ થી, બોર્ડ, કોર્પોરેશન, નેશનલ હાઈવે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન વિગેરે જેવી કોઈ સંસ્થા, બોર્ડ, કોર્પોરેશન માટે જમીન સંપાદનના કેસોમાં સંબંધિત સંપાદક સંસ્થા પાસેથી મહેકમ ખર્ચ વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ પરિપત્રની જોગવાઇ મુજબ, સંપાદક સંસ્થા બોર્ડ, કોર્પોરેશન માટે સંપાદન થયેલ જમીનના એવોર્ડથી આકારેલ કુલ વળતર રૂા. ૧ કરોડ થી વધુ પરંતુ ૫ કરોડ સુધી (પાંચ કરોડ) થી વધુ હોય ત્યાં, કુલ વળતરની રકમના ૧% અથવા રૂા. ૧,૦૦,૦૦૦/- બેમાંથી જે વધારે રકમ હોય તે, રકમ મહેકમ ખર્ચ તરીકે વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહે છે. સદરહુ કેસમાં કુલ સંપાદિત થયેલ ક્ષેત્રફળ ૩૭૦.૫૦ ચો.મી. જમીન માટે કુલ રૂા. ૨,૩૯,૦૭,૫૧૯/- (અંકે રૂપિયા બે કરોડ ઓગણચાલીસ લાખ સાત હજાર પાંચસો ઓગણીસ પુરા)નું વળતર આકારવામાં આવેલ હોઇને, તેના ૧% રકમ તરીકે રૂા ૨,૩૯,૦૭૫/- (અંકે રૂપિયા બે લાખ ઓગણચાલીસ હજાર પચોતેર પુરા) સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. પાસેથી અધિનિયમની કલમ-૯૫ ની જોગવાઇ મુજબ અત્રેની કચેરીમાં જમા કરાવ્યેથી અત્રેની કચેરીએથી સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવું છું.

(૧૭) જમીનનો ઉપયોગ બદલવા માટે જમીનના કબજેદાર/ ખાતેદારે સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા બાબત :-

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બખપ-૧૦૭૯-૧૬૮-ક, તા.૧૩/૨/૧૯૭૯ થી કરેલ જોગવાઇ અનુસાર, સંપાદન થયેલ જમીનો જયારે સંપાદક સંસ્થાને બીનખેતીના ઉપયોગ માટે અપાય ત્યારે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ- ૬૭એની જોગવાઇઓ હેઠળ નિયમ મુજબનો રૂપાંતર વેરો વસુલ કરવાનો થાય છે. સદરહુ હેતુસર, ગુજરાત સરકારશ્રી દ્વારા, ગુજરાત જમીન મહેસુલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬, (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૩) તા. ૨૧/૩/૨૦૧૬ થી ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જે સુધારા અધિનિયમ ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૧/૩/૨૦૧૬ ના ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ ગુજરાત કાયદા નં-૩/૨૦૧૬ અનુસાર તા.૨૧/૩/૨૦૧૬થી સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં આવેલ છે. સદરહુ સુધારા અધિનિયમની કલમ-૬ ની પેટા કલમ-(૪) થી ગુજરાત રાજયમાં જમીનના બીનખેતી ઉપયોગ માટે સરકારશ્રીને ભરવાપાત્ર રૂપાંતરવેરાના નક્કી કરેલ સુધારેલ દરો મુજબ મોજે ગામ:થલતેજ(થલતેજ મેટ્રો સ્ટેશન), તા. ઘાટલોડિયા, જિ. અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના અમલીકરણના હેતુ માટે સંપાદન કરેલ શહેરી વિસ્તારની ખેતીની જમીનોનો બિનખેતી ઉપયોગ કરવા માટે સદરહુ પેટા કલમ મુજબ રૂા. ૩૦/- પ્રતિ ચો.મી. લેખે સંપાદિત જમીનના કુલ ક્ષેત્રફળ મુજબની રકમ સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરશન લી. એ ગુજરાત સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા ઠરાવું છું.

(૧૮) સંપાદન થયેલ જમીન અંગે સંપાદક સંસ્થાએ બિનખેતી ઉપયોગ માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ અને નિયમ-૮૬ મુજબ બિન-ખેતી આકાર ભરવા બાબત :-

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક: એલએક્યુ/૨૨૬૬/એલ.એ-૪ તા.૧૬/૫/૧૯૬૭ થી સંપાદક સંસ્થાએ સંપાદિત થયેલ જમીનો અંગે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ મુજબ બિન-ખેતી હેતુનું મહેસુલ ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહું પરિપત્રની જોગવાઇ મુજબ, આ હેતુ માટે સંપાદક

સંસ્થા પાસેથી બિનખેતીનો આકાર વસુલ કરવા માટે અને તે આકાર કઇ તારીખથી વસુલ કરવો તે નક્કી કરવા માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૬ ની જોગવાઇઓને અનુસરવાની રહે છે. આ નિયમોના હેતુસર, સંપાદન થયેલી જમીનનો કબજો સંપાદક સંસ્થાને જે તારીખથી આપવામાં આવે તે તારીખથી તેમને બિનખેતી ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી છે તેમ ગણત્રીમાં લેવાનું રહે છે. જેથી ગામ: થલતેજ (થલતેજ મેટ્રો સ્ટેશન) ,તા. ઘાટલોડીયા જિ.અમદાવાદ આ એવોર્ડથી સંપાદિત થયેલ જમીનનો સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી ધ્વારા બિનખેતી વાણિજ્ય ઉપયોગ કરવા માટે પ્રવર્તમાન નિયમો/ઠરાવો મુજબ વસુલ કરવાપાત્ર બિનખેતી વાણીજ્ય હેતુનો વિશેષ ધારો પ્રવર્તમાન નિયમો મુજબ રૂ. ૦-૬૦ પૈસા પ્રતિ ચો.મી મુજબ વસુલ કરવાપાત્ર થાય છે. જે મુજબ પ્રવર્તમાન મહેસુલી વર્ષ માટેના બિનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની થતી કુલ રકમ તથા લાગું પડતા અન્ય વેરા સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી એ તલાટીશ્રી, થલતેજ સરકારી ચાવડી, થલતેજ, તા.ઘાટલોડીયાને ભરપાઇ કરવા ઠરાવું છું . તેમજ તે બાબતે ગુજરાત સરકારશ્રી ધ્વારા વખતો વખત થતા વિશેષ ધારાના સુધારેલ દરોને આધીન ભરવાપાત્ર બીનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની રકમ જે તે મહેસુલી વર્ષમાં જુલાઇ માસની ૩૧ તારીખની અંતિમ મુદત સુધીમાં સંપાદક સંસ્થાએ ભરપાઇ કરવાની રહેશે. તેમ ઠરાવું છું.

(૧૯) હુકમ :-

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની જોગવાઇઓને આધીન રહીને અને ઉપરોક્ત વર્ણવેલ તમામ વિગતોને ધ્યાને લઇને આથી જાહેર કરવામાં આવે છે કે મોજે: થલતેજ, તા. ઘાટલોડીયાની પરિશિષ્ટ-એ માં દર્શાવેલ જમીનો અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સંપાદન કરવામાં આવે છે અને નીચેની વિગતે સંપાદિત જમીનનું વળતર તથા પેરા (૧૬) ની વિગતે મહેકમ ખર્ચ આકારવામાં આવે છે.

(૧)	સંપાદન થતી જમીનનું કુલ ક્ષેત્રફળ (પરિશિષ્ટ-એ)	૩૭૦.૫૦ ચો.મી
(૨)	સંપાદન થયેલ જમીન/મિલકતનું કુલ વળતર રૂા. (પરિશિષ્ટ-ઇ)	૨,૩૨,૯૯,૪૬૯/-
(૩)	હિતધારક/કબજેદારોને ચુકવવાપાત્ર બાંધકામનું વળતર (પરિશિષ્ટ-ડી)	૬,૦૮,૦૫૦/-
(૪)	હિતધારક/કબજેદારોને ચુકવવાનું થતુ કુલ વળતર રૂા. (પરિશિષ્ટ-એફ)	૨,૩૯,૦૭,૫૧૯/-
(૫)	એવોર્ડની કુલ રકમના ૧% પ્રમાણે મહેકમ ખર્ચ રૂા.	૨,૩૯,૦૭૫/-
(૬)	રૂપાંતર કર	૧૧,૧૧૫/-
(૭)	એવોર્ડની કુલ રકમ (૪+૫+૬)	૨,૪૧,૫૭,૭૦૯/-

ઉપરોક્ત વિગતે ક્રમ (૨) અને (૩) થી જણાવેલ અનુક્રમે ચૂકવવા પાત્ર સંપાદિત જમીનનું વળતર (પરિશિષ્ટ-ઇ) અને બાંધકામનું વળતર (પરિશિષ્ટ-ડી) નું એકત્રિત પરિશિષ્ટ-એફ મુજબ થતું વળતર, સંપાદિત જમીનના કબજેદાર/હિતધારકોને ચૂકવવા અને ઉપરોક્ત વિગતે ક્રમ (૫) માં જણાવેલ મહેકમ ખર્ચની રકમ અત્રેની કચેરી ખાતે જમા કરાવવા માટે હુકમ કરવામાં આવે છે અને ક્રમ (૬) માં જણાવેલ રૂપાંતર કરની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા માટે અત્રેની કચેરી ખાતે જમા કરાવવા. પેરા-(૧૮) મુજબ ભરવાપાત્ર બિનખેતી આકાર સંપાદક સંસ્થાએ બારોબાર તલાટીશ્રી, થલતેજ, તા: ઘાટલોડીયાને ભરપાઇ કરવા ઠરાવુ છુ.

(૨૦) સંપાદીત થતી જમીનનો કબજો સંભાળ્યા તારીખથી તે જમીનનું ક્ષેત્રફળ તથા તેનો ખેતીનો વરાડે આકાર કમી કરવાની કમીજાસ્તી પત્રકોની અસર આપવાની તથા સંપાદિત જમીનની બિનખેતી મહેસુલની આકારણી કરવાની કાર્યવાહી મામલતદારશ્રી મણીનગરએ કરવાની રહેશે. તેમજ સદરહું એવોર્ડથી સંપાદિત થતી જમીનની નોંધ સંબંધિત મહેસુલી રેકર્ડમાં કરવાની રહેશે.

(૨૧) જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર અમદાવાદને સદરહું એવોર્ડ મુજબ સંપાદિત થતી જમીનની કપાતની અસર આપવા માટે કમીજાસ્તી પત્રક તૈયાર કરીને સંબંધિત મહેસુલી રેકર્ડમાં જરૂરી સુધારો કરવા સુચના આપવામાં આવે છે.

ખાસ જમીન સંપાદન અધિકારી જી. અમદાવાદ

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

સ્થળ:- અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ : ૧૬ / ૦૯ / ૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ : ૦૫ /૧૦ / ૨૦૨૦

નકલ રવાના:-

(૧) મામલતદારશ્રી, ઘાટલોડીયા,
મામલતદારશ્રી ઘાટલોડીયાની કચેરી,મહેસુલ ભવન, ગોતા, અમદાવાદ તરફ જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારું.

(૨) જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી,મોજણી ભવન,
જુના વાડજ, ભીમજીપુરા, અમદાવાદ તરફ જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી સારૂ.

(3) ચીફ જનરલ મેનેજરશ્રી (કોર્પોરેટ પ્લાનીંગ)
ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ., બ્લોક નં ૧, કર્મયોગી ભવન, સેકટર-૧૦ એ,ગાંધીનગર, જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

પરિશિષ્ટ-એ

એલએક્યુ કેસ નં- ૦૭/૨૦૧૮

મોજેઃ થલતેજ　　તા. ઘાટલોડીયા　　જી. અમદાવાદ

સંપાદન થતી જમીનની વિગત દર્શાવતું પત્રક

હેતુઃ　અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે

અ.નં.	ટી.પી.નં.	એફ પી નં.	સ.નં.	સંપાદન ક્ષેત્રફળ હે.આ.ચો.મી.	જમીનનો પ્રકાર	જમીનની જાત	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૩૮	૫/૧	૬ પૈકી	૧૯૫.૫૦	ખાનગી	બીનખેતી	ખાતા નં.૮૬૯
			૭	૧૭૫.૦૦	ખાનગી	બીનખેતી	ખાતા નં.૮૬૯
કુલ				૩૭૦.૫૦			

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ:૧૬/૦૯/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:૦૫/૧૦/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

પરિશિષ્ટ-બી

વળતર બાબતે હકદાવા અંગેનું પત્રક

એલએક્યુ કેસ નં- ૦૭/૨૦૧૮

મોજે: થલતેજ તા. ઘાટલોડીયા જી. અમદાવાદ

હેતુ: અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે

અ.નં	હીત સંબંધ ધરાવનાર	ટી.પી.નં.	એફ.પી.નં.	સ.નં.	ક્ષેત્રફળ હે.આ.ચો.મી .(આશરે)	હક દાવાની રજુઆત
૧	સત્યેશ કો.ઓ.હા.સો.લી અમદાવાદ	૩૮	૫/૧	૬ પૈકી, ૭	૪૭૦	સ્ત્યેશ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.અમદાવાદની રજુઆત છે કે પ્રશ્નવાલી જમીન પર એક્રોપોલીસ નામનું કોર્મશીયલ પ્રીમાઈસીસ છે જે બીલ્ડીંગને એ.એમ.સી તરફથી મંજુરી મળેલ છે આ બીલ્ડીંગ કોર્મશીયલ હોઈ લોકોની અવર જવર સતત રહે છે તેથી પ્રશ્નવાળી જમીન સંપાદનમાં લેવાથી અગવડ અડે તેમ છે તેથી આ જમીન સપાદન બાબતે તેમને વાંધો છે.

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૧૬/૦૯/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:૦૫/૧૦/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી

અમદાવાદ

પરિશિષ્ટ-સી

SHEET-I

Metro Link Express For Gandhinagar And Ahmedabad Project

Vilaage: Thaltej Taluka: Ghatlodia Dist : Ahmedabad

CALCULATION OF MARKET VALUE OF LAND, BASED ON SALE DEED OF URBAN LAND, REGISTERED DURING LAST THREE YEARS (From Date:03/08/2015 TO 04/08/208)													
Sr No	Value Zone NO	T.P.No	F.P.No	Survey No./Block No/City S.No	Sale Deed No.	Date Of Registration Of Sale Deed	Nature Of Land	Quantity Of Land Sold In Sq.Mt	Cost Of Land Rs.	Rate Per Sq. M. Rs.	Average Of Rate Per Sq.M. Rs.	Circle Rates (Jantri Rates) Per Sq. Meter Rs	Distance From acquiring land meters
1	73/38/3/A	38	67	8, 11-1 thi 5, 12-1,2,14,15-1 thi 2,16,17, 61-1 thi 4	6036	16-09-2015	N.A.Open Plot	204	4951000	24270	24270		204 meter
2	73/38/3/A	38	67	8, 11-1 thi 5, 12-1,2,14,15-1 thi 2,16,17, 61-1 thi 4	3735	9/6/2015	N.A.Open Plot	204	4900000	24020			

Second Additional Special Land Acquisition Officer
Ahmedabad

પરિશિષ્ટ-સી

SHEET-II

મોજે: થલતેજ | તા. ઘાટલોડીયા | જી. અમદાવાદ | એલએક્યુ કેસ નં- ૦૭/૨૦૧૮

<u>સંપાદન હેઠળની સર્વે નંબર ની જમીનના સ્વીકારેલ બજાર ભાવોની વિગત દર્શાવતુ પત્રક</u>

અ.નં.	ટી.પી. નં.	એફ પી નં.	સંપાદન હેઠળની જમીનનો સર્વે નંબર/ બ્લોક નંબર	વેલ્યુઝોન નંબર	જમીનનો ઉપયોગ હેતુ ગા.ન.નં. ૭/૧૨ મુજબ	જંત્રી મુજબનો ભાવ	છેલ્લા ત્રણ વર્ષના વેચાણના સૌથી ઊંચા ૫૦% વેચાણોની સરેરાશ કિંમત	નક્કી કરેલ બજાર કિંમત રૂા. / ચો.મી.	રીમાર્કસ
૧	૩૮	૫/૧	૬ પૈકી	૭૩/૩૮/૩	બીનખેતી	૩૧૦૦૦	૨૪૨૭૦	૩૧૦૦૦	
			૭	૭૩/૩૮/૩/૧	બીનખેતી	૨૧૦૦૦	૨૪૨૭૦	૨૪૨૭૦	

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૧૬/૦૯/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૦૫/૧૦/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૪/૨૦૧૭

પરિશિષ્ટ-ડી

હિતધારક ટાઇટલ હોલ્ડર્સને બાંધકામ વિગેરેનું વળતર

મોજે: થલતેજ　　તા. ઘાટલોડીયા　　જી. અમદાવાદ

અ. નં.	ટી.પી. નં.	એફ પી નં.	સ.નં.	સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી)	જમીનનો પ્રકાર	સંપાદિત જમીનમાં સ્થિત બાંધકામનો પ્રકાર	આઇ.ડી.ક્રમાંક	બાંધકામનું વળતર રૂા.	૧૦૦% સોલેશ્યમ રૂા. (એવોર્ડ પેરા-૧૨ ની વિગતે)	વળતરની કુલ રકમ રૂા.	હિતધારક કબજેદારનાં નામ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	૩૮	૫/૧	૬ પૈકી	૧૯૫.૫૦	ખાનગી	કોમન દિવાલ	પ્રોપર્ટી નં-૧	૨૮૪૪૦૦	૨૮૪૪૦૦	૫૬૮૮૦૦	સત્યેશ કો.ઓ.હા.સો.લી
			૭	૧૭૫.૦૦	ખાનગી	મેઈન ગેટ	પ્રોપર્ટી નં-૨	૧૯૬૨૫	૧૯૬૨૫	૩૯૨૫૦	સત્યેશ કો.ઓ.હા.સો.લી
કુલ				૩૭૦.૫૦				૩૦૪૦૨૫	૩૦૪૦૨૫	૬૦૮૦૫૦	

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૧૬/૦૯/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૦૫/૧૦/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

<u>પરિશિષ્ટ-ઇ</u>

સંપાદન થયેલ જમીન મિલકતના એકંદર વળતરની વિગત

મોજેઃ થલતેજ તા. ઘાટલોડીયા જી. અમદાવાદ એલએક્યુ કેસ નં- ૦૭/૨૦૧૮

અ.નં	ટી.પી.નં.	એફ પી નં.	સ.નં.	સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ ચો.મી	જમીનનો પ્રકાર	જમીનની જાત	હિતધારક/ કબજેદારનું નામ	સંપાદન જમીનની સ્વીકારેલ બજાર કિંમત (પરિશિષ્ટ-સી ના Sheet-II મુજબ) રૂ./ ચો.મી	મલ્ટી પ્લાઇંગ ફેક્ટર	સંપાદિત જમીનની એકંદર બજાર કિંમત રૂ./ ચો.મી	સંપાદિત જમીનની કુલ કિંમત રૂ.	૧૦૦% સોલેશ્યમ રૂ. (એવોર્ડ પેરા-૧૨ની વિગતે)	૧૨% ભાવ વધારો તા. ૦૪/૦૮/૨૦૧૮ થી તા. ૦૩/૧૦/૨૦૨૦ સુધી ૭૯૨દિવસ (એવોર્ડ પેરા- ૧૩ ની વિગતે)	સંપાદિત જમીનનું કુલ વળતર રૂ. (કોલમ ૧૨+૧૩+૧૪)	રીમાર્ક્સ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧	૩૮	૫/૧	૬ પૈકી	૧૯૫.૫૦	ખાનગી	બીનખેતી	સત્યેશ કો.ઓ.હા.સો.લી	૩૧૦૦૦	૧	૩૧૦૦૦	૬૦૬૦૫૦૦	૬૦૬૦૫૦૦	૧૫૭૮૦૫૫	૧૩૬૯૯૦૫૫	
			૭	૧૭૫.૦૦	ખાનગી	બીનખેતી	સત્યેશ કો.ઓ.હા.સો.લી	૨૪૨૭૦	૧	૨૪૨૭૦	૪૨૪૭૨૫૦	૪૨૪૭૨૫૦	૧૧૦૫૯૧૪	૯૬૦૦૪૧૪	
કુલ				૩૭૦.૫૦							૧૦૩૦૭૭૫૦	૧૦૩૦૭૭૫૦	૨૬૮૩૯૬૯	૨૩૨૯૯૪૬૯	

સ્થળઃ અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખઃ ૧૬/૦૯/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખઃ ૦૫/૧૦/૨૦૨૦

(સિક્કો: બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, જી. અમદાવાદ)

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૦૭/૨૦૧૮

પરિશિષ્ટ-એફ

સંપાદન થયેલ જમીનના હિતધારક/કબજેદારો (ટાઇટલ હોલ્ડર) ને ચુકવવાપાત્ર એકત્રિત વળતરની રકમ

મોજે: થલતેજ તા. ઘાટલોડીયા જી. અમદાવાદ

અ. નં.	ટી.પી.નં	એફ પી નં.	સ.નં.	સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ ચો.મી	જમીનનો પ્રકાર	જમીનની જાત	પરિશિષ્ટ-ડી મુજબ બાંધકામ વિગેરેનું વળતર રૂા.	પરિશિષ્ટ-ઇ મુજબ સંપાદિત જમીનનું ચુકવવા પાત્ર બાકી સંમતિ વળતર રૂા.	કુલ ચુકવવા પાત્ર વળતર (૬+૭) રૂા.	હિતધારક કબજેદારનાં નામ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧	૩૮	૫/૧	૬ પૈકી	૧૯૫.૫૦	ખાનગી	બીનખેતી	૫૬૮૮૦૦	૧૩૬૯૯૦૫૫	૧૪૨૬૭૮૫૫	સત્યેશ કો.ઓ.હા.સો.લી
			૭	૧૭૫.૦૦	ખાનગી	બીનખેતી	૩૯૨૫૦	૯૫૦૦૪૧૪	૯૫૩૯૬૬૪	સત્યેશ કો.ઓ.હા.સો.લી
કુલ				૩૭૦.૫૦	-	-	૬૦૮૦૫૦	૨૩૧૯૯૪૬૯	૨૩૮૦૭૫૧૯	

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૧૬/૦૯/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૦૫/૧૦/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ